શ્રી યશોવિજયજી
જૈન ગ્રંથમાળા
દાદાસાહેબ, ભાવનગર.
ફોન : ૦૨૭૮-૨૪૨૫૩૨૨
૩૦૦૪૮૪૬

# નવયુગનો નારીધર્મ.

Yashovijay Jain Granthmala

માવજી દામજી શાહ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સ્વ૦ અ. સૌ. સમરતનાં પુણ્યસ્મરણાર્થે. 544

# નવયુગનો નારીધર્મ.

લેખક,

**માવજી દામજી શાહ.**

ધાર્મિક શિક્ષક, ધિ બાબુ પી. પી. જૈન હાઇસ્કૂલ, મુંબઇ.

પ્રકાશિકા,

**રંભાબ્હેન ગોપાળજી.**

મહેતા શેરી–ભાવનગર.

નકલ ૫૦૦

વિ. સં. ૧૯૮૬ ઇ. સ. ૧૯૩૦

મૂલ્ય, અમૂલ્ય.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પ્રથમાવૃત્તિ નકલ ૧૦૦૦

ભાવનગર-ધિ આનંદ પ્રિન્ટીંગ પ્રેસમાં
ગુલાબચંદ લલ્લુભાઇ શાહે છાપ્યું.

પ્રકાશિકાનાં સરનામે પોસ્ટેજ
તરીકે અર્ધા આનાની ટીકીટ
મોકલવાથી પુસ્તક ભેટ તરીકે
મોકલવામાં આવશે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# પ્રસ્તાવના.

નવયુગની કુમારિકાઓ અને યુવતિઓ પોતાની મહત્તા વાસ્તવિક-રૂપમાં ઓળખી લે અને પોતાની શક્તિઓનું ભાન કરી લે એ શુભાશયથી પ્રેરાઇ પ્રસ્તુત પુસ્તક રચવામાં આવ્યું છે.

વર્તમાન યુગપલટો થતાં સ્ત્રીઓ સંસારસાગરમાં પોતાની જીવન-નૌકા ને કલહ અને અશાંતિના ખરાબામાં ન ચઢાવી મૂકતાં યથેષ્ટ માર્ગે લઇ જઈ શકે તે હકીકત નારી સમાજના લક્ષ ઉપર લાવવા કંઇક પ્રયત્ન કરવો એ પણ ઉદ્દેશ છે.

પ્રસ્તુત પુસ્તક આજે ગૂજરાતના નારીગણ સમક્ષ જો હું રજુ કરી શકતો હોઉં તો તેમાં મારા એક મિત્રની પ્રબળ પ્રેરણા કારણભૂત છે. ગતવર્ષમાં મારા મિત્રનાં પત્નીનું અકાલ અને ખેદદાયક અવસાન થતાં તેનાં પુણ્ય સ્મરણાર્થે આ પુસ્તક છે અને તેથી પ્રસ્તુત વિચારો ધાર્યા કરતાં વહેલા પ્રકાશમાં આવવાનું માન ઉક્ત મિત્રનેજ ઘટે છે.

આ પુસ્તકમાં સ્ત્રીજીવનને ઉપયોગી થઇ પડે તેવા કેટલાક મુદ્દાઓ મૂકવામાં આવ્યા છે; છતાં અવશેષ રહી જતા મુદ્દાઓ સૂચવવામાં આવશે તો બીજી આવૃત્તિમાં જરૂર તે વિષે ઘટતું કરવામાં આવશે.

ઘાટકોપર.<br>
સં. ૧૯૮૬ ફાગણ શુદ ૧૦.<br>
સોમવાર

માવજી દામજી શાહ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## બાલસાહિત્યગ્રંથમાલાનાં લોકપ્રિય

# પુસ્તકો.

આ આખો સટ મંગાવનારને પોસ્ટેજ ફ્રી છે.

| | | |
|---|---|---|
| ૧ | કુમારિકાધર્મ | ૦–૪–૦ |
| ૨ | કુમારિકાને પત્રો | ૦–૪–૦ |
| ૩ | આર્યકુમારિકા | ૦–૨–૦ |
| ૪ | વર્તમાનસ્ત્રીજીવન | ૦–૩–૦ |
| ૫ | જીવનચર્યા | ૦–૪–૦ |
| ૬ | જ્ઞાનપંચમી | ૦–૪–૦ |
| ૭ | લગ્નરહસ્ય | ૦–૪–૦ |
| ૮ | નીતિપ્રવેશ | ૦–૩–૦ |
| ૯ | જૈનકાવ્યપ્રવેશ | ૦–૪–૦ |
| ૧૦ | ધર્મપત્ની | ૦–૨–૦ |
| ૧૧ | નવયુગનો નારીધર્મ | ૦–૩–૦ |
| ૧૨ | આદર્શકુમાર | ૦–૩–૦ |
| | | ૨–૮–૦ |

લખોઃ—**માવજી દામજી શાહ**, કામાલેન, ઘાટકોપર

અથવા

દરેક જાણીતા ગુજરાતી બુકસેલરોને ત્યાંથી મળશે.

# સ્વ. અ. સૌ. સમરતનાં જીવનની

# ટૂંક રૂપરેખા.

આ પુસ્તક સાથે જે નારીરત્નનું પુણ્યનામ જોડવામાં આવ્યું છે, તેનાં જીવનની ટૂંકી રૂપરેખા વાચકવર્ગ સમક્ષ રજૂ કરવામાં આવે છે, આશા છે કે, તેમાંથી વાચકો બોધપાઠ જરૂર તારવી લેશે.

ભાવનગર શહેર અંતર્ગત વડવા વિભાગમાં શેઠ ગોરધનદાસ ગાંડાભાઇનાં પત્ની મણિબાઇની કુક્ષિએ આ નારીરત્નનો જન્મ સં. ૧૯૬૪ નાં કારતક શુદ ૧૦ ને રોજ થયો હતો.

બ્હેન સમરત, લગભગ ૭ વર્ષની ઉમરે પહોંચી ત્યારે તેને વડવામાં આવેલી દરબારી કન્યાશાળામાં મોકલવામાં આવી હતી, ત્યાં તેણે ગૂજરાતી ધોરણ ચોથા સુધી અભ્યાસ કર્યો હતો, જ્યારે ધાર્મિક અભ્યાસ લગભગ પંચપ્રતિક્રમણ સુધીનો હતો.

બ્હેન સમરત યોગ્ય ઉમરે પહોંચી ત્યારે ભાવનગરની ઘોળકીયા જ્ઞાતિના શાહ ગોપાળજી સોમચંદના સુપુત્ર ભાઇ કુંવરજી [ કે જેઓ હાલમાં ખાંડના વેપારી શેઠ કાસમભાઇ હાજી તૈયબની પેઢીમાં છે. ] સાથે સં. ૧૯૭૮ ના માગશર શુદી ૯ ને રોજ લગ્ન થયા પછી પોતાના પતિનો વસવાટ મુંબઇખાતે હોઇને સ્વ૦ સમરતને કેટલોક વખત મુંબઇ તો કેટલોક વખત ભાવનગર રહેવાનું થયાં કરતું હતું.

ભાઇશ્રી કુંવરજી ગોપાળજી સાથે પ્રસ્તુત પુસ્તકના લેખકનો પરિચય લગભગ પંદર વર્ષથી હોઇને ભાઇ કુંવરજીના તેમજ તેમનાં સ્વ૦ ધર્મ-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પત્ની સૌ૦ સમરતના કોઇ કોઈ પ્રસંગે અતિનિકટ પરિચયમાં આવવાનું થયાં કરતું હતું, તેમાં સ્વ. સમરથમાં કેટલાક ઉચ્ચ ગુણો જોવામાં આવ્યા હતા. આ ઉચ્ચ ગુણો પૈકી આર્યસ્ત્રીનાં ભૂષણરૂપ ગણાતો 'પતિપરાયણતા' નો ગુણ મુખ્યસ્થાન ધરાવતો હતો.

સૌ. સમરત એકંદર ઘરરખુ, મળતાવડા તેમજ ડાહ્યા સ્વભાવની અને કર્તવ્યદક્ષ મહિલા હોઇને પોતાના પરિચયમાં આવનાર સર્વ કોઇને તે પ્રિય થઇ પડેલ હતી.

સૌ. સમરતને ચાર ભાઇઓ છે. તેમનાં નામ ક્રમસર માણેકચંદ, ભાઇચંદ, ગિરધરલાલ અને વ્રજલાલ છે, જ્યારે બ્હેન એક પણ નથી.

સૌ. સમરત જેવાં ગુણીયલ નારીરત્નની જીવનદોરી ટૂંકી હોઇને અગર સ્વકર્માનુસાર માનવજીવન યાત્રા પૂરી થવાનો વખત આવેલ હોઇને સગર્ભાવસ્થા છતાં સંગ્રહણીનું દરદ લાગુ પડયું. આ દરદ માટે તેના શ્વસુરપક્ષ તેમજ પિતૃપક્ષ તરફથી અનેક ઉપચારો કરવામાં આવ્યા છતાં ભાવિની પ્રબળતાના યોગે સં. ૧૯૮૫ ના ફાગણ શુદ ૧૦ ને બુધવારે આ નારીરત્નનો સ્વર્ગવાસ થયો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# સ્વ૦ બ્હેન સમરતને નિવાપાંજલિ.

ગઝલ.

અરે ઓ બ્હેન તું કયાં ગઇ, અમારા પ્રેમને ભૂલી;
અમારી એકની તું એક, તો'યે બ્હેન ચાલી ગઈ.

( ૧ )

ન આવી રે દયા તુજને, અહા એ વૃદ્ધમાતાની;
કકળતા માત–પુત્રોને, મૂકીને ચાલી તું કયાં ગઇ ?

( ૨ )

અરે, નિષ્ઠુર હૃદયની બ્હેન, નાવી કંઇ દયા તુજને;
મૂકીને ચાલી ગઇ તું બાલુ–ડાંને રે રૂદન કરતાં.

( ૩ )

તમારી આકૃતિમાં સૌમ્ય-તા, હંમેશ વસતી'તી';
તમારી રે સહનશીલતા, ગવાતી રે મુખે સૌના.

( ૪ )

તમારામાં હતા ઉજ્જવલ, ગુણો બહુએ અરે બ્હેની;
તમે તેથી કર્યા ઉજ્જવલ ઉભયપક્ષો સુરીતિએ !

( ૫ )

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તમારાં સ્નેહસંસ્મરણો, બહુએ સાંભરે બ્હેની;
તમારી સ્નેહમયમૂર્તિ, નજરમાં રે તરી આવે.

( ૬ )

તમારો કારમો વિયોગ, સાલે છે અરે બ્હેની;
તમારૂં નામ લેતાં તો, વહે છે અશ્રુની ધારા,

( ૭ )

અરે ઓ દૈવ તારી છે, ગતિ ન્યારી ચમત્કારી;
અહિં જેની જરૂર પૂરી, અહા ! તેને હરી લીધી.

( ૮ )

કલકત્તા.
તા. ૮–૨–૩૦ શનિવાર } વ્રજલાલ ગોરધનદાસ શાહ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# અર્પણ પત્રિકા.

સ્વ૦ પૂજ્ય ભાભી,

તમારાં પુનિત પગલાં અમારાં ઘરમાં થયાં પછી અમને ઘણો આનંદ થયો હતો. તમારામાં એક આર્યસ્ત્રીને શોભે તેવા ઉત્તમ ગુણો અમને નજરે પડ્યા હતા. હું નણંદ હોવા છતાં હરહમેશ તમે મારી સાથે એક માયાળુ બ્હેનના જેવોજ આદર્શ સંબંધ દાખવ્યો હતો. આવા તમારા અનેક ગુણોથી પ્રેરાઈ, તમે આજે સ્વર્ગસ્થ છતાં તમને સ્ત્રીઉપયોગી આ નાનકડું પુસ્તક અર્પણ કરી કૃતાર્થ થાઉં છું.

ભાવનગર.
સં. ૧૯૮૬
ફાગણ શુદ ૧૦.
સોમવાર.

લિ૦

રંભાબ્હેન.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# અનુક્રમણિકા.


| વિષય. | પૃષ્ઠ |
|---|---|
| ૧ મંગલાચરણ .... .... .... .... | ૧૧ |
| ૨ પ્રસ્તાવ .... .... .... .... .... | ૧૧ |
| ૩ બહુશ્રુત બનો .... .... .... .... | ૧૪ |
| ૪ સ્વાશ્રયી બનો .... .... .... .... | ૧૬ |
| ૫ સંતાનોને લાયક થયા પછીજ પરણાવો .... .... | ૧૯ |
| ૬ શારીરિક સ્વાસ્થ્ય સંભાળો .... .... .... | ૨૦ |
| ૭ મ્હોટી વયે વિદ્યાભ્યાસ કરતાં સંકોચ ન ધરો .... | ૨૨ |
| ૮ સામાન્યજ્ઞાન જરૂર મેળવો .... .... .... | ૨૪ |
| ૯ સાદું જીવન ગાળવા સાથે ઉચ્ચ વિચાર કરો .... | ૨૭ |




Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# નવયુગનો નારીધર્મ.*

## મંગલાચરણ.

शुक्लां ब्रह्मविचारसारपरमामाद्यां जगद्व्यापिनीं
वीणापुस्तकधारिणीमभयदां जाड्यान्धकारापहाम् ।
हस्ते स्फाटिकमालिकां निदधतीं पद्मासने संस्थिताम्
वन्दे तां परमेश्वरीं भगवतीं बुद्धिप्रदां शारदाम् ॥

## પ્રસ્તાવ.

**પ્રમુખશ્રી અને બ્હેનો,**

આપનાં આમંત્રણને માન આપીને આજે બીજીવાર આપના સમાજ સમક્ષ બોલવાની તક આપવા બદલ આપ બ્હેનોનો હું અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

---

* શ્રી મુંબઇ-માંગરોળ જૈનસભાના હૉલમાં જૈન મહિલાસમાજ સમક્ષ તા. ૧૮-૧૧-૨૯ ને મંગળવારે આપેલું ભાષણ.

આ સભાનું પ્રમુખસ્થાન શ્રીમતી અ૦ સૌ૦ મોંઘીબ્હેન હીરાલાલ અ૦ શાહે લીધું હતું.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

બ્હેનો, આજનો વિષય ' નવયુગનો નારીધર્મ ' એ છે, સૌથી પહેલાં મારે આપને સ્પષ્ટપણે કહી દેવું જોઇએ કે, મને એક પુરૂષને આપની સમક્ષ આવો વિષય ચર્ચવાનો અધિકાર જ શો છે? અગર તો ' નવયુગનો નારીધર્મ ' આપની સમક્ષ રજુ કરવાનો મને હક્કજ શો છે? અથવા તો આપનો એટલે સ્ત્રીઓના નવાયુગનો તેમજ તેના ધર્મોનો નિર્ણય આપે એક વ્યક્તિએ અગર તો સમષ્ટિએ પોતે જ કરી લેવો જોઇએ. ખરી રીતે સ્ત્રીઓના ધર્મોનો નિર્ણય એક પુરૂષ કરવા બેસે તે કરતાં સ્ત્રી પોતે જ કરી લે અગર તો સ્ત્રીઓજ કરી લે એ વાત અધિકારની દૃષ્ટિએ વિચારી જોતાં વધુ બંધબેસતી અને યોગ્ય ગણી શકાય તેવી છે.

બ્હેનો, પ્રસંગોપાત્ત મારે કહી દેવું જોઇએ કે, ભૂતકાળમાં કેટલાંક શાસ્ત્રો અગર ગ્રંથો મોટે ભાગે પુરૂષોથી રચાયાં હોઇને તેઓ પુરૂષજાતિનો પક્ષપાત કરી, સ્ત્રીજાતિનું પદ પુરૂષજાતિની અપેક્ષાએ ઉતરતી પંક્તિનું છે એવું પ્રતિપાદન કરવાનું ચૂકયા નથી! ભૂતકાળના શાસ્ત્રકારો અગર ગ્રંથકારોની આ પક્ષપાતનીતિએ ઘણાં અનિષ્ટો ઉભાં કર્યાં છે, જેનાં કટુફળો દીર્ઘદૃષ્ટિએ વિચારી જોતાં સ્ત્રીજાતિ જ નહિ પણ પુરૂષ જાતિ સુદ્ધાં આજે ચાખી રહી છે, એ ભારે ખેદની બિના ગણાય!!

બ્હેનો, પૂર્વોક્ત પક્ષપાતનીતિ અનુચિત જ છે એમ નહિ પણ તેમાં એક જાતિનો સ્પષ્ટપણે અન્યાય થતો હોઇને તે નીતિ નિંદનીય હોવા સાથે સર્વથા ઉચ્છેદવા યોગ્ય પણ છે.

બ્હેનો, આપમાંથી કદાચ કોઈ પ્રશ્ન કરશે કે, " ત્યારે તમે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અમને અમારો ધર્મ સમજાવવા શામાટે આવ્યા છો ? " આનાં પ્રત્યુત્તરમાં મારે નિખાલસભાવે કહી દેવું જોઇએ કે, હું આવી પક્ષપાતનીતિનો વિરોધી હોઈને તમારા ધર્મોનું તટસ્થપણે જ કેટલુંક દિગ્દર્શન કરાવીશ.

બ્હેનો, કેટલીકવાર આપણને આપણા ધર્મોનું ભાન હોય છે —સ્મરણ હોય છે; છતાં તે ભૂલી જવાયું હોય છે અગર તો તેમનું વિસ્મરણ થયું હોય છે. તેવે વખતે જો પુરૂષજાતિ સ્ત્રીજાતિને અગર તો સ્ત્રીજાતિ પુરૂષજાતિને તેમના ધર્મો યાદ કરાવે તો તેમાં એકંદર લાભો જ સમાયલા છે, એ દૃષ્ટિએ પણ હું આપને આપના ધર્મોનું કેટલેક અંશે સ્મરણ કરાવીશ.

બ્હેનો, સૌથી પહેલાં આપને નવોયુગ એટલે શું અને તેની શરૂઆત ક્યારથી થઇ ગણાય એ વિષે કંઇક કહીશ. જ્યારે વસંત-ઋતુ શરૂ થાય છે ત્યારે વૃક્ષોનાં જૂનાં અને જીર્ણ પાંદડાં જેમ ખરી પડે છે અને નવાં પાંદડાં આવે છે, તેમ નવયુગને માટે પણ સમજશો. જો કે પ્રાચીનકાળમાં ઘણા જ્ઞાની અને સમર્થ પુરૂષો થઈ ગયા છે અને તેઓએ જનસમાજના શ્રેયોર્થે કંઇ ને કંઇ કરેલું હોઇ બેશક, નવયુગ—સૂર્યના કિરણો પ્રસરાવવામાં અવશ્ય તેમનો હિસ્સો ગણાય; છતાં નવયુગ પ્રકટાવવામાં વર્ત્તમાન સમયમાં સેંકડો નહિ બલ્કે હજારો કિરણો ધરાવનાર સૂર્ય સમાન તો મહાત્મા ગાંધી જ ગણાશે.

બ્હેનો, આ ઉપરથી હું આપને લગારે એમ કહેવા માંગતો નથી કે, " જૂનું સર્વ ખરાબ હતું અને નવું સર્વ સારૂં છે. '

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પણ મારો કહેવાનો આશય તો એ છે કે, જૂનામાંથી સારૂં હોય તે લેવું અને અનિષ્ટ હોય તે તજવું. તેજ પ્રમાણે નવામાંથી પણ સારૂં હોય તે લેવું અને અનિષ્ટ હોય તે તજવું. *

બ્હેનો, વસ્તુસ્થિતિ આમ હોઇને આપ સહજ વિચારી શકશો કે, આ યુગમાં મહાત્મા ગાંધી જેવા સચ્ચરિત્ર પુરૂષ પ્રગટ્યા હોવાથી આજે રાજકીય ક્ષેત્રમાં કહો કે સામાજિક ક્ષેત્રમાં કહો, સાંસારિક ક્ષેત્રમાં કહો કે ઔદ્યોગિક ક્ષેત્રમાં કહો, નૈતિક ક્ષેત્રમાં કહો કે આર્થિક ક્ષેત્રમાં કહો આ સર્વ ક્ષેત્રોમાં અગર તો તે વિષેની પ્રચલિત માન્યતાઓમાં ભારે મહત્ત્વના ફેરફારો થઈ ચુકયા છે, વર્તમાનમાં થઇ રહ્યા છે અને ભવિષ્યમાં થશે એ શું આપ કબૂલ નહિ કરો ? અવશ્ય કરશો જ.

બ્હેનો, આ નવયુગ સાથે ચાલવામાં સહાયક થઇ પડે તેવા કેટલાક મુદ્દાઓ હવે પછી હું આપની પાસે રજુ કરીશ. તેમાં સૌથી મહત્ત્વનો, બધા રોગોના ઉપાયરૂપ અને સર્વ સુખનાં કારણભૂત થઈ પડે તેવો મુદ્દો જો કોઈ હોય તો તે એ છે કે:—

## આપ બહુશ્રુત બનો.

બ્હેનો, 'આપ બહુશ્રુત બનો' એ વાક્ય ઉપલક દૃષ્ટિએ સ્થૂલ અને સામાન્ય લાગશે, પણ તેના ઉંડાણમાં બહુ રહસ્ય રહેલું છે. 'બહુશ્રુત બનો' એટલે જ્ઞાન મેળવવાના જે જે પ્રસંગો પ્રાપ્ત થાય તે તે સર્વ પ્રસંગોનો બનતાં સુધી લાભ લ્યો અને તે વિષે સ્વતંત્ર

* સરખાવો:-पुराणमित्येव न साधु सर्वं नचापि नव्यं. × × × ×

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વિચારો કરી તમારા અનુભવજ્ઞાનમાં વધારો કરો. શાસ્ત્રકારો કહી ગયા છે તે સત્ય છે **ऋते ज्ञानान्न मुक्तिः** 'જ્ઞાન વગર મુક્તિ નથી.' **नहि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते** 'જ્ઞાન જેટલું બીજું કંઇ પવિત્ર નથી' **ज्ञानेन हीनाः पशुभिः समानाः** 'જ્ઞાન વગરના મનુષ્યો પશુ તુલ્ય જ ગણાય છે.'

બ્હેનો, જ્યારે હકીકત આમ છે ત્યારે આપમાંથી કોઈ પ્રશ્ન કરશો કે, શું અમે અગર અમારી બ્હેનો જ્ઞાન મેળવતી નથી? અગર તો અમારામાંની કેટલીક બ્હેનો જ્ઞાનની ઉંચી કોટીએ જઈ પહોંચી બી. એ. કે એમ. એ. નથી થઇ? હું કબુલ કરીશ કે, તમારામાંની કોઇ બ્હેન જરૂર બી. એ. કે એમ. એ. સુધી પહોંચી હશે; પરંતુ તમે કહેશો કે તેવી બ્હેનોની સંખ્યા કેટલી? માત્ર આંગળીના ટેરવે ગણાય તેટલી જ કે તેથી વધારે?

બ્હેનો, પ્રસંગોપાત્ત કહી દેવું જોઇએ કે, બી.એ. જેટલી જ્ઞાનની ઉચ્ચ કક્ષાએ પહોંચેલ બ્હેનો પણ જો આર્યસંસ્કૃતિને અનુકૂળ વિચારો અને આચારો ન ધરાવતી હોય અને કેવળ અંધ અનુકરણ અને ફેશનના વિચારોમાં જ રહ્યા કરતી હોય તો તેમનાં તેટલાં જ્ઞાનની પણ હવે આ દેશને બીલકુલ જરૂર નથી. બહુશ્રુત બનવા માટે ઉચ્ચકોટિનું સાહિત્ય હરહમેશ વાંચતા રહો, ઉચ્ચ-કોટિનાં સાહિત્ય માટે બી. એ. એમ. એ. જેટલાં જ્ઞાનની જરૂર નથી, પણ વાંચનના શોખની જ જરૂર છે. ઉચ્ચકોટિના સાપ્તાહિક પત્રો તરીકે નવજીવન, યંગઇન્ડિયા, સૌરાષ્ટ્ર, સૌરાષ્ટ્રમિત્ર, રાષ્ટ્રવાણી, પ્રજામત, વગેરેને ગણી શકાય. માસિકપત્રોમાં બાળકો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

માટે બાલક, બાલમિત્ર, શાળાપત્ર, બાલજીવન, કુમાર, વિદ્યાર્થી, અને શિક્ષણપત્રિકા વગેરે સમાવેશ પામે છે અને યોગ્ય ઉમ્મરે પહોંચેલાઓ માટે પ્રસ્થાન, વસંત, બુદ્ધિપ્રકાશ, નવયુગ, ગૂજરાત, નવચેતન જ્ઞાનપ્રચાર, ગુણસુંદરી, સ્ત્રીબોધ વગેરે સમાવેશ પામે છે.

બ્હેનો, ઉપરના સાહિત્યવિષયક પત્રોનાં બધાં નામો આપની સમક્ષ રજુ કરવાં એ મારૂં મુખ્ય કાર્ય નથી; છતાં આપની સામાન્ય બુદ્ધિને આગળ કરી જે સાહિત્ય આપનાં જ્ઞાનમાં વધારો કરતું હોય, જે સાહિત્ય આપનાં ચારિત્ર્યમાં સહાયક થઈ પડતું હોય તે સર્વ અવકાશે વાંચતા રહેવાની જરૂર છે. માત્ર સાપ્તાહિક કે માસિક જેવું સામયિક સાહિત્યથી જ સંતોષ નહિ પામતાં ઉત્તમ કોટિનાં ગ્રંથો પણ વાંચતા રહેવાની તેટલી જ જરૂર છે. એ ઉપરાંત બહુશ્રુત બનવા માટે સાધનો તરીકે મુસાફરીના પ્રસંગો પણ તેટલાજ ઉપયોગી ગણી શકાય તેમ છે. જાહેર સભાઓ મળે તેનો પણ બને તેટલો લાભ લો, સંક્ષેપમાં કહીએ તો જ્ઞાનપ્રાપ્તિનો પ્રત્યેક પ્રસંગ નહિ ચૂકતાં તેનો યોગ્ય રીતે વિવેકપૂર્વક લાભ લો.

## આપ સ્વાશ્રયી બનો.

બ્હેનો, આપ સ્વાશ્રયી જીવન ગુજારતાં શીખો. આપ કોઇની આશ્રિત જ છો એમ માની બેસી રહો નહિ. સ્ત્રીસમાજને આશ્રિત બનાવી મૂકવાના પરિણામે આજે હિંદુ સમાજ છેલ્લાં કેટલાંક વર્ષોથી દુઃખનાં રોદણાં રોઇ રહ્યો છે. સ્ત્રીઓ સ્વાશ્રયીપણે જીવન ગૂજારતી થાય તે માટે દરેક માતા–પિતાએ પોતાની પુત્રી યોગ્ય વયે પહોંચે ત્યાં સુધીમાં તેને કેટલીક વિશિષ્ટ કળાઓનું જ્ઞાન પણ અપાવી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

દેવું જોઇએ, કે જેથી દુર્દૈવે તેનું સૌભાગ્ય નષ્ટ થઈ વૈધવ્ય દશા આવી પડતાં તેમને કોઈના આશ્રિત તરીકે જીવન પૂરૂં કરવાનો વખત જ ન આવે. બલ્કે કુમારિકાજીવનમાં સંપાદન કરેલી પોતાની પ્રિય કળાઓને તેઓ નિર્વાહનાં સાધન તરીકે બનાવી શકે છે.

બ્હેનો, ભારે ખેદની વાત છે કે, આજે બાર-તેર વર્ષની કન્યા થાય છે, ત્યાં સુધીમાં તો તે ભાગ્યે જ શાળાની ત્રણ કે ચાર ચોપડીનો અભ્યાસ કરવા પામે છે અને તેને વચમાં આવી ગયેલી માની લઈ ચૌદમે વર્ષે તો તેની કેળવણીનાં દ્વાર બંધ જ થઇ ચૂકયાં હોય છે. અરે ! પરણાવ્યા પછી તો બંધ થઈ ગયેલાં દ્વાર સદાને માટે બંધ થઇ ગયેલાં હોય છે, જેથી અપૂર્ણ અને અર્ધદગ્ધ કેળવણી પામેલી કન્યાઓનાં જીવન પણ અપૂર્ણ અને અર્ધદગ્ધજ રહી જવા પામે છે, પરિણામે પોતાનું ભાવિજીવન ધૂળમાં જ રગદોળે છે આ દુર્દશા દૂર કરવા માટે એક માર્ગ છે અને તે એ છે કે ચૌદ વર્ષે આવી પહોચતાં લગ્ન કાળને ત્રણ-ચાર વર્ષ આગળ ધકેલવાની જરૂર છે. એમ થતાં કન્યાનો શારીરિક બાંધો પુખ્ત અને મજબૂત થવા ઉપરાંત ભાવિજીવનમાં ઉપયોગી થઇ પડતું સર્વ પ્રકારનું જ્ઞાન તેને મળી શકે છે. સોળ-સત્તર વર્ષની વય સુધીમાં દરેક કન્યા પોતાનો જીવનનિર્વાહ જરૂર પડતાં સ્વાશ્રયીપણે અને સ્વતંત્રપણે ચલાવી શકવા સમર્થ થાય તે માટે કન્યાના માત-પિતાએ ઓછામાં ઓછી ત્રણ-ચાર કળાઓ શીખવવાનો અવશ્ય પ્રબંધ કરવો ઘટે છે. ભાવિજીવન માટે આવા પ્રકારની તૈયારી કરી રાખવાથી સ્ત્રીજીવનની કોઇપણ અવસ્થા સુખપૂર્વક ગૂજારી શકે છે એમજ નહિ; પણ ઉક્ત પ્રકારની કેળવણીની ગેરહાજરીથી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આજનો સ્ત્રીવર્ગ–ખાસ કરીને વિધવા વર્ગ-જ્યાં ત્યાં અને જેની તેની પાસે રોદણાં રોયા કરતો જોવામાં આવે છે તે જોવાનો પ્રસંગ આવશે નહિ.

બ્હેનો, પૂર્વે જ્યારે સ્ત્રીઓ ચોસઠ અગર ઓછી વધતી કળાઓનો અભ્યાસ વિનોદને માટે કરતી હતી ત્યારે આજે તો આપણને એ કળાઓનાં પૂરાં નામોનું પણ ભાન નથી! આજે સ્વાશ્રયીજીવન ગૂજારી સંસારનું વાસ્તવિક સુખ ભોગવવા ઇચ્છતી બ્હેનોએ એ કળાઓમાંથી થોડી એક વિનોદ માટે અગર નિર્વાહ માટે શીખી લેવાની પૂરી જરૂર છે.

બ્હેનો, પ્રાચીન કાળમાં મયણાસુંદરી, સુરસુંદરી, તિલકસુંદરી, જયસુંદરી અને સૌભાગ્યસુંદરી જેવાં અનેક સ્ત્રી રત્નોએ એ કળાઓ વિનોદ માટે સાધી હતી, અર્વાચીન કાળમાં પણ ભરત, સીવણ,ગુંથણ અને સંગીત વગેરે વિષયોની શિક્ષિકાઓ બનીને અગર બી. એ., એમ. એ., કે જી. એ., જેવી જ્ઞાનની ઉચ્ચ પદવીઓ પ્રાપ્ત કરીને સ્ત્રીઓ મુખ્ય શિક્ષિકા Head mistress or principal, ગૃહપત્ની Lady Superintendent જેવા ઉચ્ચ દરજ્જાઓ ભોગવે છે.

બ્હેનો, વધુ શું કહું ? આ વિષય એટલો તો વ્યાપક અને વિશાળ છે કે, તે વિષે એક સ્વતંત્ર વ્યાખ્યાનમાળા જ ગોઠવી શકાય તેમ છે. તેથી અહિં વિશેષ નહિ કહેતાં આટલું દિશા સૂચન જ કરવું ઉચિત થઇ પડશે. ●

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**સંતાનોને લાયક થયા પછીજ પરણાવવાની સલાહ આપો.** બ્હેનો, સ્રી અને પુરૂષનો સંબંધ એ વાસ્તવિક રીતે **પરમમિત્ર** સરખો હોવા છતાં ભારત વર્ષમાં આજે જ્યાં નજર કરશું ત્યાં સ્રી-પુરૂષને પરસ્પર અણબનાવ જેવું જોવાય છે. આનું કારણ શું છે એ આપે કદિ વિચાર્યું છે ? આમાં વિચારી જોતાં મુખ્યત્વે બે કારણો જોઇ શકાય છે. પહેલું કારણ એ છે કે, મા-બાપે પુત્રને ગૃહસંસાર નિભાવવાને યોગ્ય કેળવણી આપેલી હોતી નથી. સોળ વર્ષની વયનો પુત્ર ગુજરાતી સાત ચોપડી સુધી કદાચ પહોંચી શકયો હોય છતાં તેટલું જ્ઞાન આજના યુગને કોઇ પણ રીતે પૂરતું ગણી શકાય નહિ. આજે તો દરેક યુવાને કે યુવતિએ ઓછામાં ઓછું મેટ્રીક જેટલું જ્ઞાન મેળવવું જોઇએ. અગર તો કોઇને કોઇ કળા અવશ્ય હસ્તગત કરી લેવી જોઇએ છે. બીજું કારણ એ જણાય છે કે, પુત્રે ગૃહસ્થાશ્રમમાં પડતાં અગાઉ સારી જેવી કમાણી કરવાની લાયકાત કેળવી હોતી નથી. ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કર્યા પૂર્વે વ્યાપાર દ્વારા કે નોકરી દ્વારા સારી આવક ધરાવતો હોય તો જ ગૃહસ્થ જીવન સુખરૂપ બનાવી શકે છે. એવું સુખરૂપ જીવન ભોગવતા જોવાને બદલે પ્રત્યેક ઘરમાં કલેશ અને કંકાસવાળાં જીવન ગૂજારતાં યુવકો અને યુવતિઓ નજરે પડે છે.

બ્હેનો, પુત્રની લગ્નની લાયકાત તપાસ્યા વગર પરણાવી દેવાથી આજે કેટલીય નિરપરાધી ગભરૂ જેવી બાળાઓનાં જીવન ધૂળમાં રગદોળાઇ રહ્યાં છે. ઉપલાં કારણો તપાસ્યા વગર પુત્રોનાં લગ્ન કરી વાળનારા મા-બાપોને મારો એ પ્રશ્ન છે કે, પૂરતી લાયકાત સંપાદન નહિ કરવા પામેલા તમારા પુત્રોના ભાવિજીવન

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

શામાટે ભ્રષ્ટ કરો છો ? આ રીતે તેમનાં જીવનભ્રષ્ટ કરવાનો તમને શો હક્ક છે ? તમારો જો કોઇ પ્રકારનો હક્ક હોય તો પુત્રોને યોગ્ય કેળવણી આપવા પૂરતો જ છે. કેવા ગુણવાળી અગર કેવી કળા-વાળી કન્યાને પસંદ કરવી એની વચ્ચે બનતાં સુધી મા–બાપે આડે આવવાની બીલકુલ જરૂર નથી. અલબત, સંતાન સર્વ પ્રકારે લાયક થયા પછી પોતાના માબાપ ઉપર જ એ વાત મૂકે તો તેમાં તેમણે પડવાની ફરજ પણ આવશ્યક છે. આ યુગની વસ્તુસ્થિતિ આમ હોઇ લાયક નહિ થયેલા તમારા પુત્રોને કાચી વયે જ પર-ણાવી મારવાના લાહા (!) લેતા મહેરબાની કરીને હવે અટકી જાઓ.

બ્હેનો, તમારા પ્રાણસમ પ્રિયપુત્રોનાં જીવન સ્વર્ગીય સુખ ભોગવતાં બનાવવા માટે પરણવા માટેની તેમની પૂરી લાયકાત પહેલાં તપાસી જુઓ અને પછી જ પરણવાની સલાહ આપો.

## આપ શારીરિક સ્વાસ્થ્ય સંભાળો.

બ્હેનો, આપનાં શારીરિક સ્વાસ્થ્ય માટે આપે પૂરતી કાળજી રાખવાની જરૂર છે. જો આપ શારીરિક પ્રકૃતિ કેમ સુંદર રહે એ વિષયનું જ્ઞાન ધરાવવા સાથે તે મુજબ આચરણ પણ કરતા હો તો આપ આરોગ્યનું સુખ જરૂર ભોગવી શકો. બ્હેનો, આપનું સરાસરી મરણ પ્રમાણ પુરૂષોની અપેક્ષાએ ઘણું આવે છે, તેનું કારણ શું હશે એ આપે કદિ વિચાર્યું છે ? આનું કારણ સ્પષ્ટ જ છે કે, આપે આરોગ્યનાં જ્ઞાનની દરકાર કરી હોતી નથી. પુરૂષોનું મરણપ્રમાણ જો ઓછું હોય તો આપનુ મરણપ્રમાણ શા માટે વધારે હોવું જોઇએ ?

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

બ્હેનો, આપ પોતાનાં સ્વરૂપનીતો પિછાણુ કરો, આપ પોતાની શક્તિને તો ઓળખો. વસ્તુસ્થિતિ રૂપે અને સત્ય બિના હોઇને મારે કહેવું જોઇએ કે, આપ વીરપ્રસવિની છો, ભગવાન્ મહાવીર અને ભગવાન્ બુદ્ધ જેવા આદર્શ પુરૂષોની જનયિત્રી આપ છો, રામ અને કૃષ્ણ તેમજ સીતા અને સાવિત્રી જેવી નરનારીઓને જન્માવનાર આપ છો. અરે, મને કહેવાદ્યો કે, સ્વામી દયાનંદ અને સ્વામી વિવેકાનંદ, શ્રી વિજયાનંદસૂરિ અને શ્રી વિજયધર્મ-સૂરિ જેવી વિભૂતિઓની ખાણુ આપ છો. બ્હેનો, હું ન ભૂલતો હોઉં તો મારે કહેવું જોઇએ કે, મહાત્મા ગાંધી, દેશબંધુ દાસ જેવા વીર રત્નોને પકાવનાર આપ છો. આ બધું કહીને હું આપને આસમાનમાં ચઢાવું છું એવો આક્ષેપ આપનું સ્વરૂપ નહિ પિછાણુનાર કોઇ વ્યક્તિ કદાચિત્ કરી દેશે પણ તેથી શું ? યાદ રાખજો કે ઉપલું કથન કરી મેં તો આપનાં વાસ્તવિક સ્વરૂપનું જ સ્મરણુ કરાવ્યું છે.

બ્હેનો, તમારામાંથી જ્યારે ઉપલા નરનારીઓ પાકયા છે ત્યારે તમારાં અમૂલ્ય આરોગ્યને સંભાળી રાખવાની અનિવાર્ય અગત્ય ઉભી થાય છે.

બ્હેનો, આપ આપનાં આરોગ્યને સંભાળવા માટે કુદરતને અનુકૂળ વર્તન રાખો અને શરીરશાસ્ત્રનો હરહમેશ અભ્યાસ કરો, આટલેથી પણુ નહિ અટકતાં આપનાં શરીરને સુંદર, સુરૂપ અને સુઘટિત બનાવો.

બ્હેનો, આપનાં શરીરમાટે જ કેવળ વિચાર કરી બેસી ન

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

રહેતાં આપનાં બાળકોનાં શરીરો તરફ પણ દરકાર રાખો, તેઓ શરીરે નિરોગી હશે તો મનથી પણ નિરોગી થશે અને ઉભયથી નિરોગી થતાં આપ પોતાની અને કુટુંબની આત્મિક ઉન્નતિ સહજ જ સાધી શકશો.

## આપ મ્હોટીવયે પણ વિદ્યાભ્યાસ કરતાં સંકોચ ન ધરો.

બ્હેનો, જીવન સુધારણા માટે મહત્ત્વના ગણાતા મુદ્દાઓમાં એ મુદ્દો પણ સમાવેશ પામે છે કે, આપ મ્હોટીવયે વિદ્યાભ્યાસ કરતાં લગાર પણ સંકોચ ન ધારણ કરો. કેટલીક બ્હેનો એમ ધારતી હશે કે, " આપણે તો પાંત્રીશ વર્ષનાં થયાં, હવે ભણવાની વાત કરવી તે તો ફોકટ જ, પાકે ઘડે તે કંઇ કાંઠા ચઢે " વગેરે વગેરે નિર્માલ્ય વાતો કરી પોતાના જીવન સુધારણાના પ્રશ્ન ઉપર કુઠારાઘાત કરે છે !

બ્હેનો, મારે ખેદ સાથે કહેવું જોઇએ કે, આવા નિર્માલ્ય વિચારો આજે જો કોઇ દેશમાં પ્રચલિત હોય તો તે દેશ ભારતવર્ષ જ છે. દુર્દૈવે કહો કિંવા ભવિતવ્યતાના યોગે કહો પણ આજે પ્રગતિના વિરોધી વિચારોનો પ્રવાહ ભારતવર્ષમાં ચોમેર વહી રહ્યો છે.

બ્હેનો, જ્યારે એક તરફ નિર્માલ્ય વિચારોનું વાતાવરણ પ્રસરી રહ્યું છે. ત્યારે શું આપે પણ તેવા વાતાવરણના ભોગ બનવું જોઇએ ?

બ્હેનો, પૂર્વના કે પશ્ચિમના શોધ કરતાં સેંકડો દષ્ટાંતો મળી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આવશે કે જેઓ પચાસ–પંચાવન વર્ષની ઉમરે જ નહિ પણ જીવનના આરે ઉભેલા માણસોએ પણ ઉત્સાહભેર વિદ્યાભ્યાસ શરૂ કરીને પૂર્ણ પણ કરી ચુકયા છે.

બ્હેનો, આના દાખલા માટે દૂર શામાટે જવું જોઇએ ? ડૉ. મિસ કૌઝે [ સુભદ્રાદેવી ] પીએચ. ડી. પૂર્વનો દાખલો છે, તેઓ લિપ્ઝિક યુનિવર્સિટીના સંસ્કૃતના પ્રોફેસર છે, તેઓ પાંત્રીસ વર્ષની વયે પણ આજે હિંદમાં આવી જૈન અને અન્ય તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરી રહ્યા છે.

બીજો દાખલો પ્રસિદ્ધ રાજસ્થાની અને સૌરાષ્ટ્ર વીર શ્રીયુત ચુડગર છે કે જેઓ લગભગ પચાસ વર્ષની વયના હોઇ વાનપ્રસ્થાવસ્થાને યોગ્ય છતાં યુરોપ ગમન કરી હમણાં જ **બેરીસ્ટરની પરીક્ષા** પસાર કરી આવ્યા છે.

બ્હેનો, ત્રીજો દાખલો સુપ્રસિદ્ધ વક્તા પંડિતલાલનના ધર્મપત્ની સદ્ગત મોંઘીબાઇનો લઇ શકાશે. સદ્ગત મોંઘીબાઇ ૫૦ વર્ષની ઉમ્મરે પણ એક કે દોઢ દશકા ઉપર મુંબઇની એક કન્યાશાળામાં ગૂજરાતી ત્રીજા ધોરણનો અભ્યાસ કરતાં, મેં નજરે જોયા છે. સદ્ગત મોંઘીબાઇને મેં પ્રશ્ન કર્યો કે, “ તમે આટલી મોટી વયે ભણીને શું કરશો ? ” જવાબમાં કહ્યું કે “ ભાઇ, જ્ઞાન તો જન્માંતરમાં પણ સાથે જ આવશે, માટે તે મેળવવું જોઇએ.” ધન્ય છે તે મોંઘીબાઇને કે પંડિતલાલન જેવાના પુણ્યસહવાસના પરિણામ રૂપે પચાસ વર્ષની વયે પણ શાળામાં અભ્યાસ કરતાં સંકોચ પામ્યા નહોતા !

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

બ્હેનો, આ અને આવા અનેક દાખલાઓ મળી શકે તેમ છે. આવા દાખલાઓ એકત્ર કરવામાં આવે તો એક મોટો ગ્રંથ રચી શકાય એ નિઃસંદેહ છે. આ દૃષ્ટાંતો ઉપરથી સિદ્ધ થાય છે કે મોટી વયે પણ વિદ્યાભ્યાસ કરી જીવનની મીઠાશ અનુભવી શકાય છે.

## આપ સામાન્ય જ્ઞાન તો જરૂર મેળવો.

બ્હેનો, જીવનમાં જરૂરનું થઇ પડે તેવું સામાન્ય જ્ઞાન [General Knowlege] તો જરૂર મેળવી લેવું ઘટે છે કે, સામાન્યજ્ઞાનની ગેરહાજરીથી શહેરી જીવનમાં કે ગ્રામ્ય જીવનમાં કેટલીક મુશ્કેલીઓ ઉભી થાય છે અને તેથી ઉપજતા અનિષ્ટ પરિણામો પણ ભોગવવા પડે છે.

બ્હેનો, મુંબઇ, કલકત્તા, કરાંચી કે રંગૂન જેવા મોટા શહેરોમાં રેલ્વે, ટ્રામ, મોટરબસ કે વિકટોરીયામાં બેસવાના અનેક પ્રસંગો ઉભા થાય છે અને તેથી રેલ્વે, ટ્રામ, મોટર કે વિકટોરીયાનો ઉપયોગ કરવાના પ્રસંગોથી જ નહિ પણ શહેરના જુદા જુદા રસ્તાઓથી પણ સુપરિચિત થવાની પૂરી જરૂર છે.

બ્હેનો, ટ્રામ કે મોટરબસ ઉપરના નંબરો વાંચવાની જરૂર છે તેની સાથે કયા નંબર અને બોર્ડવાળી ટ્રામ કે બસ કયા ઠેકાણાંથી કયા ઠેકાણાંસુધી આવ-જા કર્યા કરે છે વગેરે વિષયનું જ્ઞાન પણ જો ચોક્કસાઇથી મેળવેલું હોય છે તો તેમાં ફસાવાનો ભય બીલકુલ રાખવો પડતો નથી. દાખલા તરીકે, આપે રેલ્વેની

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ટીકીટ લીધી, પછી તે પાંચ માઇલ ચાલી શકે તેવી હોય કે પાંચસો માઇલિ ચાલી શકે તેવી હોય પણ ટીકીટ હાથમાં લેતી વખતે જે કંઇ જોઇ-જાણી લેવાનું છે તે એ છે કે, તેનો નંબર કયો છે? તે માગેલાં ઠેકાણાંની બરાબર છે કે નહિ? તેની ઉપર તે જ દિવસની તારીખ છે કે નહી, તેમજ ટીકીટ ઉપર છાપેલી રકમ જ લીધી છે કે તેથી વધુ? વગેરે વગેરે.

બ્હેનો, મોટાં શહેરના રેલ્વેસ્ટેશન ઉપર એક જ પ્લેટફોર્મ હોતું નથી પણ અનેક હોય છે. તેથી ચોક્કસ ટ્રેઇન મેળવવા માટે કયાં પ્લેટફોર્મ ઉપર જઇ પહોંચવાની જરૂર છે તે પણ બરાબર લક્ષમાં લેવું જોઇએ.

બ્હેનો, મોટાંશહેરોનાં સ્ટેશન ઉપર ઇન્ડીગેટરો પણ મૂકવામાં આવ્યાં હોય છે, તે વાંચતાં શીખી લેવાની પૂરી જરૂર છે. જેમને હરહમેશ પરાંઓમાં આવ--જા કરવાના પ્રસંગો પ્રાપ્ત થાય છે તેઓ, ઇન્ડીગેટર વાચવાથી અજ્ઞાન હોય તો કેટલીક વખંત ઉતરવાનાં ઠેકાણે ઉતરાતું નથી અને ન ઉતરવાનાં ઠેકાણે છેવટે ઉતરવું પડે છે.

બ્હેનો, જેમનો હરહમેશ પરાંઓમાં વસવાટ છે તેમણે રેલ્વે-ટાઇમ ટેબલ જરૂર વાંચતાં શીખી લેવું ઘટે છે. ટાઇમટેબલ વાંચતાં આવડી જવાથી એક ટ્રેઇન ચૂકી જવાઇ હોય તો બીજી કયારે ઉપડે તે પોતાની મેળે જોઇ શકાય છે.

બ્હેનો, આપે મોટાં શહેરોના જાણીતા સર્વ રસ્તાઓથી પરિ-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ચિત થઇ જવું ઘટે છે. આપ વર્ષો થયાં મુંબઇ જેવાં શહેરમાં વસવાટ કરતાં હો અને મુંબઇના નાના કે મોટા રસ્તાઓનાં નામોથી કે રસ્તાઓથી અપરિચિત રહી જાઓ તો કેટલીક વાર તેનું ઘણું અનિષ્ટ પરિણામ આવે છે.

બ્હેનો, મોટા શહેરમાં આપણે ઘણીવાર સાંભળીએ છીએ કે, " આજે આ છોકરો ગૂમ થયો અને આજે આ છોકરીનો પત્તો નથી" આનું કારણ શું છે ! કારણ એકજ છે અને તે એ છે કે રસ્તાઓ સંબંધી અજ્ઞાન.

બ્હેનો, મોટા શહેરમાં વિકટોરીઆનો ઉપયોગ પણ છૂટથી કરવો પડે છે. તેથી તેના કાયદા–કાનુનોથી પણ આપે જાણીતા રહેવાની જરૂર છે. આપને કદાચ ઉતાવળ હોય અને ખાસી ઉભેલી ગાડીમાં ભાડું ઠરાવ્યા વગર જ આપ બેસી ગયા હો તો તેની કશી ચિંતા કરવી જોઇએ નહીં, દરેક વિકટોરીયાઓમાં પોતાની બેઠકની સામે જ મુકરર કરેલ ભાવોનું બોર્ડ મૂકવામાં આવ્યું હોય છે તેથી ઉતાવળને પ્રસંગે તે મુજબ ભાડું ચૂકવી દઇ ધારેલું સ્થળ આવી પહોંચતાં ઉતરી જઇ શકાય છે.

બ્હેનો, ખેદની વાત છે કે, આ જમાનો તડકા જોઇને કેટલા વાગ્યા છે એમ કહેવાનો નથી, પણ ઘડીયાળ જોઇ ચોક્કસ કલાક અને મીનીટ પણ કહેવાનો આ સમય છે. આમ હોઇ આજે ઘડીયાળ ઘેરઘેરજ નહિ પણ લગભગ દરેક વ્યકિત [ પછી તે સ્ત્રી હો કે પુરૂષ હો ]. પાસે જોવામાં આવશે; છતાં કેટલીક બ્હેનોને પૂછવામાં આવે કે કેટલા ઉપર કેટલી મીનીટ થઇ ? તો તેનો જવાબ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તે બીલકુલ આપી શકશે નહિ, માટે ઘડીયાળ બરાબર જોતાં આવડવાની પણ પૂરી જરૂર છે.

બ્હેનો, ઉપર મુજબ રેલ્વે, ટ્રામ, મોટર કે વિકટોરીયાના કાયદા–કાનૂનો જાણવાથી જ બસ નથી. તેમ પ્લેટફોર્મ, ઇન્ડિગેટર રસ્તાઓ કે ઘડીયાળ જોતાં આવડી જવાથી પણ બસ થયું માનવાની ભૂલ કરશો નહિ. વિશેષમાં જાણવા જેવું છે તેમાં એ પણ સમાવેશ પામે છે કે, જે દેશમાં આપ વસો છો, તે દેશના એક ખૂણાથી બીજા ખૂણામાં રાજકીય, સામાજિક, ધાર્મિક, સાંસારિક કે આર્થિક વિષયોમાં શી શી હીલચાલો ચાલી રહી છે તે પણ જાણવાની જરૂર છે. આપણા દેશની હકીકત જાણવા ઉપરાંત જાપાન, યુરોપ, અમેરિકા વગેરે દરીયાપારના દેશોમાં પણ મુખ્ય મુખ્ય કયા કયા બનાવો બનવા પામ્યા છે તે પણ જાણવાની જરૂર છે.

બ્હેનો, ઉપલી તેમજ અન્ય અનેક હકીકતો જાણવા જેવી છે અને તે સર્વ જો અહિં મૂકવામાં આવે તો જરૂર એક ગ્રંથજ તૈયાર કરી શકાય તેમ છે. ઇશ્વરેચ્છા હશે તો આવી જાણવા યોગ્ય હકીકતોનો ગ્રંથ એક કે બે ભાગમાં પ્રકટ કરવાનું બની આવશે. તેથી આ વ્યાપક અને વિશાળ મુદ્દાને વધુ નહિ લંબાવતાં અહિં જ પૂર્ણ કરવામાં આવે છે.

## આપ સાદું જીવન ગાળવા સાથે ઉચ્ચ વિચારો કરો.

બ્હેનો, આપે જીવન સાદું બનાવવા સાથે હરહંમેશ ઉચ્ચ વિચારો કરતા રહેવાની પૂરી જરૂર છે. આપ કદાચ પ્રશ્ન કરશો કે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સાદું જીવન એટલે શું ? તો આ પ્રશ્નના ઉત્તરમાં મારે કહેવું જોઇએ કે, કપડાં–ઘરેણાંથી બીજાને આંજી નાંખતું–આડંબરવાળું જીવન નહિ, તેમ સાદું જીવન એટલે પતિની આવક કરતાંયે ખર્ચ વધી જતો હોય તેવું જીવન પણ નહિ, આવું સાદું જીવન ગુજારવામાં ઘણા લાભો રહેલા છે. બ્હેનો, જીવનની સાદાઈમાટે મશહૂર થઈ ગયેલી પ્રાચીન કાળની આપની બ્હેનોનાં જીવન તપાસી જુઓ, તે કેટલાં બધાં સાદાં હતાં ? સાવિત્રી, મદ્રદેશના રાજાની પુત્રી હતી, છતાં તેણે કોઇ રાજકુમારને નહિ વરતાં અતિ સાદું જીવન ગુજારનાર અને જંગલમાં આશ્રમ બાંધી રહેનાર એક ઋષિનીજ પત્ની થવાનું પસંદ કર્યું.

બ્હેનો, આ અને આવી અનેક ઇતિહાસપ્રસિદ્ધ રાજકન્યાઓએ સાદાઈવાળાંજ જીવન ગુજારીને પોતાની ઉચ્ચ જ્ઞાનપીપાસાને તૃપ્ત કરવા માટે આશ્રમવાસી ઋષિઓનીજ પત્ની થવાનું પસંદ કર્યું હતું.

બ્હેનો, ભૂતકાળનાં આવાં દૃષ્ટાંતોથી ભલે પુસ્તકો શોભતાં હોય? પરંતુ વર્તમાનકાળમાં પણ સાદું જીવન ગૂજારનાર સ્ત્રીઓનો ક્યાં તોટો છે ? સિદ્ધાંતની ખાતર રાજપાટને પણ ઠોકરે મારનાર દરબાર ગોપાળદાસના પત્ની **રાણી ભક્તિબાની** સાદાઇ આજે કોણ નથી જાણતું ! રાણી ભક્તિબાનો દાખલો આજે પણ જીવતો જાગતો વિદ્યમાન છે.

બ્હેનો, બીજું દૃષ્ટાંત સૌ. કસ્તુરબા ગાંધીનું છે. તેઓ જગતના મહાન્ પુરૂષ ગણાતા મહાત્મા ગાંધી જેવાના ધર્મપત્ની હોવા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

છતાં તેમનું જીવન કેટલું સાદું છે? સૌ. કસ્તુરબા ગાંધીનો દાખલો પણ આજે વિદ્યમાન જ છે.

વ્હેનો, ત્રીજું દૃષ્ટાન્ત સ્વ. દેશબંધુ દાસનાં ધર્મપત્ની **વાસન્તીદેવીનું છે.** વાર્ષિક છ લાખની આવક ધરાવનાર બૅરીસ્ટર દેશબંધુ દાસ જેવાની પત્ની પણ ધારે તો એક નાનકડાં સ્ટેટનાં રાણીથી પણ વધુ આડંબર રાખી શકે છે; છતાં આજે બંગાળમાં તેઓ અતિ સાદું જીવન ગૂજારી રહ્યાં છે.

વ્હેનો, સાદાં જીવનની મહત્તા સંબંધી કહેવામાં આવતું હોઈ કહેવું જોઇએ કે, આજે કેટલીય વ્હેનો પોતાના પતિની આવક ઘણી નાની હોય છે; છતાં તેઓ કેટલીય પરદેશી કીનારો, તરેહવાર વિદેશી વાયલો, કાચની બંગડીઓ અને કચકડાની વસ્તુઓ ખરીદવામાં નાણાની બરબાદી કરે છે!

વ્હેનો, કપડાં-ઘરેણાં પાછળ મોટો ખર્ચ કરવાને બદલે સાદું જીવન ગૂજારી પોતાનાં પતિની માસિક આવકનો **ત્રીજો** કે **ચોથો** ભાગ બચાવી દરમાસે **બેંકમાં** મૂકવાની પ્રતિજ્ઞા કરે અને તેનું પાલન કરે તો ખોટા આડંબરોને લીધે થતી પાયમાલી અટકાવવા સાથે નાણાંની તંગીને દૂર કરી તેઓ પોતે તેમજ પોતાના પતિને જરૂર **આર્થિક સ્વતંત્રતા** અપાવી શકશે.

વ્હેનો, અતિ ખેદની વાત છે કે, આજે નાની કે મોટી કમાણી વાળું પ્રત્યેક ઘર એવું હશે કે જેને પચાસની આવક હોય અને પોણોસોનો ખર્ચ થતો હોય અગર પાંચસોની આવક હોય અને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સાતસોનો ખર્ચ થતો હોય! આ દશા કેવળ તનની અને મનની જ હાનિ કરી અટકતી નથી પણ આત્મતેજને પણ હાનિ પહોંચાડે છે માટે આ દશા સત્વર દૂર થવી ઘટે છે.

બ્હેનો, મારે કહેવું જોઇએ કે, સાદાઇનો આ સદ્ગુણ આપનાં જીવનમાં વણાઇ જશે તો આપનું જ નહિ? આપના પતિનું જ નહિ, પણ આપનાં સમગ્ર કુટુંબનું કલ્યાણ કરવા આપ ભાગ્યશાળી થઇ શકશો.

છેવટે, આપ બ્હેનોએ આપની સમક્ષ મારા વિચારો રજુ કરવાની આપેલી તક માટે આપનો આભાર માનું છું.

**સમાપ્ત.**

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# બાલસાહિત્ય ગ્રંથમાળાનાં પુસ્તકો માટે મળેલા અભિપ્રાયોમાંથી થોડાએક.

## સિન્દૂરપ્રકર.

આ પુસ્તક સુંદર રીતે પ્રકાશિત કરવા બદલ હું તમને અભિનંદન આપું છું.

હરદોઇ
તા. ૩૦–૭–૨૩

**ચંપતરાય જૈન,**
બૅરિસ્ટર એટ-લૉ.

---

## જૈન નીતિપ્રવેશ.

આ પુસ્તકમાં નાની નાની જૈન ઐતિહાસિક સરળ વાર્તાઓદ્વારા બાળકોને નૈતિક શિક્ષણ આપનારા પાઠો જણાયા, જેથી પ્રાથમિક જૈન શાળાઓમાં પ્રતિક્રમણની સાથે સાથે આવી બાલવિનોદી સારગર્ભિત વાર્તાઓદ્વારા શિક્ષકો જો રસપૂર્વક શિક્ષણ આપતા થાય તો ધાર્મિક અભ્યાસમાં નડતી શુષ્કતા ઘણેભાગે દૂર થાય.

બનારસ.
તા. ૧૭–૯–૨૪

**ડૉ. નગીનદાસ જે. શાહ.**
બી. એ. પીએચ્. ડી.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## જ્ઞાનપંચમી અને તેનું ઉદ્યાપન.

આ પુસ્તકમાં ગુણાનુવાદ દષ્ટિથી ... × × × × આ પુસ્તક વાંચી લોકો સ... તમારા લખેલાં પુસ્તકનો ફેલાવો થાય ... સમજી શકે અને સારી રીતે વર્તી શકે એવી આશા રહે છે.

પેથાપુર.
તા. ૨૧-૪-૨૪ } **આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિ.**

---

## કુમારિકાને પત્રો.

સ્ત્રીજીવનને અનુકૂળ કેટલાંક સાદાં અને પ્રાથમિક અગત્ય ધરાવનારાં સત્યો શીખવવા માટે આ પુસ્તક ઉપયોગી થઇ શકે તેવું છે.

ભાવનગર.
તા. ૧૧-૧૦-૨૫ } 'જૈન' પત્ર.

---

## કુમારિકા ધર્મ.

આ પુસ્તકમાં જુદા જુદા પાઠો આપી દરેક કુમારિકાએ દરેક વિષયપર શું શું જાણવું ઘટે છે તે બતાવ્યું છે.

મુંબઇ. } **મોહનલાલ દલીચંદ દેશાઈ.**
બી. એ. એલ્. એલ્. બી.

શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળા ભાવનગર

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com